સુવિચાર : પ્રત્યેક વ્યક્તિની નીતિમત્તા જ લોકશાહી શાસનની સફળતાનો મૂળ સિદ્ધાંત છે - જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦૪ | ૨૩ જૂન, ૨૦૧૫, મંગળવાર ; અધિક અષાઢ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



અફઘાન સંસદ પર ભીષણ હુમલો Page-6

## જિલ્લામાં વિકાસના કામોને નવો વેગ

### તેરમા નાણાં પંચની બીજા હપ્તાની રકમ છૂટતાં વિકાસ કામો ઝડપી બનશે : રૂ. ૭૭ લાખનો બીજો હપ્તો પંચાયતને ફાળવી દેવાયો : આગામી દિવસોમાં રૂ. ૧૦૦ કરોડથી વધુના વિકાસકામો શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાને ૧૩માં નાણાપંચની વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષની બીજા તબક્કાની રૂ. ૭૭ લાખ ૮૧ હજારની ગ્રાન્ટ ફાળવવામાં આવતાં આગામી દિવસોમાં વિકાસના કામોને નવો વેગ મળશે.

૧૩મા નાણાંપંચ દ્વારા ફાળવવામાં આવેલ આ બીજા તબક્કાની ગ્રાન્ટમાંથી પીવાના પાણી, સ્ટ્રીટલાઈટ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, ગટર વ્યવસ્થા, સ્મશાનગૃહ માટે ખર્ચવાનો આગ્રહ રખાયો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયત હસ્તક મુકાયેલી આ ગ્રાન્ટમાંથી ૭૦ ટકા પંચાયતોને સીધેસીધી, ૧૫ ટકા તાલુકા પંચાયત અને ૧૫ ટકા રકમ જિલ્લા પંચાયત હસ્તક મુકવામાં આવશે. આ માટેના કામો માંગવાની કામગીરી આગામી દિવસોમાં હાથ ધરાશે.

ગાંધીનગર જિલ્લામાં આવી રહેલી પંચાયતોની ચૂંટણીને ધ્યાને રાખી આ વિકાસકામોનું ઝડપી આયોજન તેમજ વહીવટીય અને તાંત્રિક મંજૂરી આપવાની કામગીરી ઝડપી બનાવવા પર તંત્ર દ્વારા તૈયારીઓ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી વિકાસના કામોને અગ્રતા આપવામાં આવી રહી છે. પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં આગામી દિવસોમાં અંદાજે રૂ. ૧૦૦ કરોડથી વધુના વિકાસકામો શરૂ થઈ જશે અને તેથી વિકાસને નવો વેગ મળશે.

જિલ્લામાં વિકાસના કામોને વેગ આપવા માટે પંચાયતના સદસ્યોને વિસ્તાર વિકાસ માટેની ગ્રાન્ટમાં રૂ. ૩ લાખનો વધારો કરી રૂ. ૧૦ લાખની મર્યાદા નિયત કરાઈ છે અને આ માટેના આયોજનો સભ્યો દ્વારા રજુ કરવામાં આવી રહ્યા છે. જેને ટુંકમાં જ વહીવટીય અને તાંત્રિક મંજૂરી આપી દેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.





મેઘરાજાના આગમનની આતુરતા - અહીં લટકાવાયેલા રેઈનકોટ કે મુકાયેલી છત્રીઓને વાચા ફૂટે તો એક જ વાક્ય બોલે 'મેઘરાજા પધારો અમારે દેશ...' અમારું જીવન સાર્થક કરો... (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગર ખાતે બાલ કવિ સંમેલન

### રાજ્યકક્ષાના યોજાનાર બાલ કવિ સંમેલનમાં ૧૩૫ બાલ કવિઓ ભાગ લેશે : ૨૯મીએ ટાગોર હોલમાં કાવ્યપઠન થશે

ગાંધીનગર, તા.૨૨

આગામી ૨૮ અને ૨૯ જુનના રોજ ગુજરાતના બાળ કવિઓનું એક સંમેલન કોબા ખાતે મળશે. જેમાં બાળ કવિઓ સાથે બાળ સાહિત્યના ખ્યાતનામ સાહિત્યકારો શ્રી કૃષ્ણ દવે, શ્રી યોસેફ મેકવાન, શ્રી યશવંત મહેતા, ડૉ. તૃપ્તીબેન, શ્રી માધવ રામાનુજ, શ્રી ભાગ્યેશ જહા સંગોષ્ઠી પણ કરશે.

૨૮મીએ સવારે રાજ્ય ભરના ૧૩૫ જેટલા બાળકવિઓ કોબા આવી પહોંચશે. આ બાળ કવિસંમેલન પૂર્વે તેઓ અક્ષરધામ અને મહાત્મા મંદિરની દાંડી કુટિરની મુલાકાત લેશે તેમજ સાહિત્યકારો સાથે સંગોષ્ઠી કરશે. ૨૮મીએ રાત્રીના સમયે મોક કવિતાનું પઠન શ્રી માધવ રામાનુજ, શ્રી કૃષ્ણ દવે, શ્રી યશવંત મહેતા જેવા મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરશે.

આ બાળ કવિઓની કવિતાઓનું પાલડીના ટાગોર હોલ ખાતે પઠન કરાશે. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

બાળ કવિઓની શ્રેષ્ઠ કૃતિ માટે રૂ. ૧૦ હજારથી લઈ રૂ. એક હજાર

● અનુસંધાન પાન-૭ પર

### રાજપુરની બે શાળાઓ જિલ્લાનું કવિ સંમેલનમાં પ્રતિનિધિત્વ કરશે

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૨૮-૨૯ના રોજ યોજાનાર રાજ્યકક્ષાના બાલકવિ સંમેલનમાં જિલ્લાની નાનકડી પ્રા. શાળા રાજપુરની બે બાલ-કવિયત્રીઓ તેમની કૃતિઓ રજુ કરશે.

**ધોરણ-૭માં ભણતી આરતી ઠાકોર અને ધો-૮ની બાળા સપના ઠાકોરે હાઈકુ કવિતા લખી છે**

ગાંધીનગર તાલુકાના રાજપુર ગામની ધો. ૭ અને ૮માં ભણતી આ બાળાઓ શાળામાં પ્રગટ થતા 'રાજપુર-સમાચાર'માં હાઈકુ અને અન્ય સાહિત્યકૃતિઓ પ્રગટ થઈ છે.

ધો. ૭માં ભણતી આરતી વિનોદજી ઠાકોર અને ધો. ૮માં ભણતી વિદ્યાર્થીની સપના રાજુજી ઠાકોર તેમની કૃતિઓ રજુ કરવા માટે ભારે ઉત્સાહિત છે.

રાજપુર ગામ એ સાંસદ પરેશ રાવલની આદર્શ ગ્રામ યોજના હેઠળ આવે છે. આ ગામની પ્રાથમિક શાળા એક નમૂનેદાર પ્રાથમિક શાળા છે. અહિ બાળકોને શૂટીંગ, તરણ, સાંસ્કૃતિક, સાહિત્ય તેમજ સાહસ અંગેની તાલીમ પણ અભ્યાસ ઉપરાંત આપવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર



વરસાદનું અનુમાન - વર્ષમાં વરસાદ ક્યારે આવશે, કેટલો આવશે ? એની ચર્ચાઓ, આગાહીઓ અને અનુમાનો અનેક સ્વરૂપે અભિવ્યક્ત થતા હોય છે... આપણી સામાજીક પરંપરાઓમાં અનુમાન શાસ્ત્રનો અનોખો મહિમા છે... વિશેષ કરીને વરસાદ માટે અનેક તર્ક-વિતર્કો સાથે અનુમાનો સંકળાયેલા છે... ટીંટોડીના ઈંડા, ટીંટોડી કેટલી ઉંચાઈ પર મુકશે તેના પરથી કેટલો વરસાદ આવશે તેનું અનુમાન કરાય છે... અનુમાનોમાં પણ વિસંવાદિતતા અને ચર્ચાને સ્થાન છે... આ તસવીરમાં જમીન પર મુકાયેલા ઈંડાથી સરાસરી વરસાદનું અનુમાન થઈ રહ્યું છે.... (તસવીર : દિપક જાની)

## શહેરમાં વધતો મેલેરિયાનો ઉપદ્રવ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં મેલેરિયાના છુટા છવાયા કેસો નોંધાવાના શરૂ થતાં તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. શહેરમાં છેલ્લા વીસ દિવસમાં છ થી સાત જેટલા કેસો નોંધાયા છે.

**છુટા છવાયા કેસો મળી આવ્યા ૧ કેસ ઝેરી મેલેરિયાનો મળ્યો**

મેલેરિયાના કેસો મળવાના શરૂ થતાં જ તંત્ર એ તેની એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી દીધી છે તેમજ સર્વેલન્સની કામગીરીને વધુ વેગીલી બનાવી છે.

મળતી વિગતો પ્રમાણે સે-૧૩, ચરેડી છાપરા, સે-૧૭, સે-૨૩, પાલજ જેવા વિસ્તારોમાંથી આ છુટા છવાયા કેસ મળ્યા છે. જેમાં એક ઝેરી મેલેરિયાનો કેસ પણ મળી આવ્યો છે. તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે તમામ વિસ્તારોમાં એન્ટી લારવેલની કામગીરી કરી દેવામાં આવી છે.

પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનો દાવો કરતાં આ સૂત્રોએ જણાવ્યું છે કે શહેરના વિવિધ વિસ્તારોમાં મચ્છરોના બ્રિડીંગ શોધી અને તેનો નાશ કરવામાં આવી રહ્યો છે. ૧૧૦૦થી પણ વધુ સ્થાનોએથી મળેલા બ્રિડીંગને દૂર કરવામાં આવ્યા છે.

હાલ મેલેરિયા વિરોધી માસની ઉજવણી ચાલુ હોવાથી લોક જાગૃતિ અભિયાન પણ તંત્ર દ્વારા છેડવામાં આવ્યું છે એટલું જ નહિ શહેરમાં ચાલતી વિવિધ કન્સ્ટ્રકશન સાઈટોના મજૂરોના બ્લડ સેમ્પલ પણ લઈ તપાસ કરવામાં આવી રહી છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે શહેરમાં જે રીતે છુટા છવાયા કેસો મળી રહ્યા છે તે ચિંતાજનક છે પણ ભયજનક નથી. વાતાવરણમાં આવેલ બદલાવને કારણે મચ્છરની ઉત્પત્તિને થતી જ અટકાવવા માટે જરુરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

## મનપા દ્વારા ટૂંક સમયમાં જ શબવાહિનીની સેવા કાર્યરત કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાની નવી શબ-વાહિની આવી જવા પામી છે અને તેની સેવાઓ ટૂંકમાં જ કાર્યરત કરી દેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે શબવાહિનીનું વાહન કોર્પોરેશનને મળી ગયું છે અને તેને આર.ટી.ઓ. આનુસંગિક કામગીરી આ સપ્તાહમાં સંપન્ન થતાં જ તેની સેવાઓ કાર્યરત કરી દેવામાં આવશે.

કોર્પોરેશનના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં આ શબવાહિની સાવ નજીવા દરે સેવાઓ આપશે જ્યારે ગાંધીનગર શહેર બહારની સેવા માટેના દર હવે પછી મળનારી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં નિયત કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાએ નવી શબવાહિની ખરીદવાની જોગવાઈ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં કરી હતી. ગાંધીનગર શહેરમાં આ શબવાહિનીની સેવા મનપા દ્વારા પ્રથમવાર શરૂ કરવામાં આવી રહી છે. અગાઉ નોટીફાઈડ વખતે આ સેવાઓ ફાયર બ્રિગેડ હસ્તક હતી પરંતુ તે શબવાહિની કન્ડમ કરી દેવામાં આવી હતી.

## સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી

### સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદ આરંભાયો : ગુજરાતના કુલ ૭૮ તાલુકાઓમાં એકથી ચાર ઈંચ સુધી વરસાદ : ખેડબ્રહ્મામાં ભારે વરસાદ : વલસાડમાં વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ : વૃક્ષો ધરાશાયી

અમદાવાદ,તા. ૨૨

અરેબિયન દરિયામાં સર્જાયેલા ડીપડિપ્રેશનના પરિણામ સ્વરુપે ગુજરાતમાં આગામી ત્રણ દિવસ દરમિયાન અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેથી તંત્ર સંપૂર્ણપણે એલર્ટ થઈ ગયું છે. સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ વિવિધ જગ્યાઓએ ચેતવણીના સિગ્નલ મુકી દેવામાં આવ્યા છે જેમાં મોરબીના નવલખી, અમરેલીના જાફરાબાદ બંદર, પોરબંદર ખાતે એક નંબરનું સિગ્નલ મુકી દેવામાં આવ્યું છે. બીજી બાજુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદ પડ્યો છે. અરબી દરિયામાં સર્જાયેલી સ્થિતિના પરિણામ સ્વરુપે રાજકોટ, ગીર સોમનાથમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો.

બીજી બાજુ વલસાડમાં પ્રચંડ વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ થયો છે જેથી અનેક જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થયા છે. આનાથી વિજ પુરવઠો પણ ખોરવાઈ ગયો છે. રોડ ઉપર વૃક્ષો પડી જતાં વાહન વ્યવહારને પણ અસર થઈ છે. તંત્ર એલર્ટ કરી દેવામાં આવ્યું છે. વલસાડમાં આજે વરસાદ પડ્યો હતો. વિજ પુરવઠાને પણ આની અસર થઈ હતી. રાજુલા, ખાંભા, બગસરામાં બે ઈંચ સુધીનો વરસાદ થયો હતો. દરમિયાન ગુજરાતના ૭૮ તાલુકામાં હળવાથી મધ્યમ ઝાપટા પડ્યા છે. ચાર ઈંચ સુધીનો વરસાદ થયો છે. ઉત્તર ગુજરાત પંથકના બનાસકાંઠા જિલ્લાના તાલુકાઓમાં વરસાદ થયો છે. મહેસાણાના જોટાણામાં ત્રણ ઈંચની આસપાસ વરસાદ થયો છે. વિસનગરમાં પણ ભારે વરસાદ થયો છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મામાં ભારે વરસાદ થયો છે. ખેડબ્રહ્મામાં ચાર ઈંચથી પણ વધુ વરસાદ થયો છે. અરવલ્લી જિલ્લાના ધનસુરા, મેઘરજ, મોડાસામાં વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના કામદેવી, જલાપારમાં વરસાદ થયો છે. વલસાડ જિલ્લાના ધરમપુરમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે. કપરાડા, પારડી, ઉંમરગામમાં વરસાદ થયો છે.










૧ થી ૩૦ સેક્ટર માટે
આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬